# કેનેડાની કંપનીઓને ગુજરાતમાં રોકાણ અને ભાગીદારી માટે મુખ્યમંત્રીનું આમંત્રણ

**ટોરેન્ટોમાં** ટાઈના ૩૦ જેટલા ઉદ્યોગ સાહસિકો સાથે બેઠક

**ટેક્નોલોજી,** નાણાકીય સેવાઓ અને ફિનટેકમાં સહયોગ વધારવા ચર્ચા

ગાંધીનગરઃ વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૭ને ધ્યાનમાં રાખીને કેનેડાના પ્રવાસે ગયેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટોરેન્ટોમાં ઉદ્યોગસાહસિકો અને રોકાણકારો સાથેની બેઠકોમાં ગુજરાતમાં રોકાણની તકો ખુલ્લી મૂકી છે. ટાઈ ધ ઈન્ડસ એન્ટરપ્રેન્યોર્સના આશરે ૩૦ પ્રતિનિધિ સાથેની રાઉન્ડ ટેબલ બેઠકમાં ટેક્નોલોજી, જાહેર નીતિ, નાણાકીય સેવાઓ અને ફિનટેક સહિતના ક્ષેત્રોમાં કેનેડિયન સાહસો અને ગુજરાત વચ્ચે સહયોગ તથા ભાગીદારી વધુ મજબૂત કરવા ચર્ચા થઈ હતી.

મુખ્યમંત્રીએ સ્ટાર્ટઅપ સ્થાપકો, ઉદ્યોગસાહસિકો અને ટાઈના સભ્યો સાથેની ચર્ચામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં વૈશ્વિક સ્પર્ધામાં ટકી શકે તેવી નવીનતા આધારિત અર્થવ્યવસ્થા ઊભી કરવાના ગુજરાતના ભવિષ્યલક્ષી અભિગમની રૂપરેખા આપી હતી. તેમણે ગુજરાતની મજબૂત સ્ટાર્ટઅપ પરિસ્થિતિ, રોકાણકારોને અનુકૂળ નીતિઓ અને વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાઓ અંગે પણ પ્રતિનિધિઓને માહિતી આપી હતી. ગુજરાત દેશના વિકાસનું એન્જિન બની રહ્યું છે ત્યારે ટેક્નોલોજી, નાણાકીય સેવાઓ અને ફિનટેક જેવા ઝડપથી વિકસતા ક્ષેત્રોમાં કેનેડિયન કંપનીઓ સાથે ભાગીદારી માટે વિશાળ અવકાશ હોવાનું મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. તેમણે આગામી વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૭ પહેલાં ગુજરાતમાં રોકાણ, નવીનતા અને વ્યવસાયના વિસ્તરણ માટેની તકો શોધવા ટાઈના સભ્યોને આમંત્રણ પાઠવ્યું હતું.

ટાઈ ટોરોન્ટોની સ્થાપના વર્ષ ૨૦૦૦માં થઈ હતી અને તે ઉદ્યોગસાહસિકો, રોકાણકારો, નિષ્ણાતો તથા ઉદ્યોગ અગ્રણીઓને જોડીને જ્ઞાન, અનુભવ અને વ્યવસાયિક તકોના આદાનપ્રદાન માટેનું મહત્વનું મંચ છે. સોફ્ટવેર, હાર્ડવેર, આરોગ્ય, જૈવ-ટેક્નોલોજી, મીડિયા, ટેલિકોમ, માહિતી ટેક્નોલોજી સેવાઓ અને નાણાકીય સંસ્થાઓ સહિત વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિઓ તેનો હિસ્સો છે. મુખ્યમંત્રીએ કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સ સાથેની બીજી રાઉન્ડ ટેબલ બેઠકમાં પણ વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૭માં સહભાગી થવા માટે ચેમ્બર દ્વારા દર્શાવાયેલી ઉત્સુકતાને આવકારી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ પ્રકારની બેઠકોના પરિણામે ગુજરાત અને કેનેડા વચ્ચે વ્યવસાયથી વ્યવસાય જોડાણો, નવા રોકાણો અને વ્યૂહાત્મક ભાગીદારીના નવા માર્ગો ખુલશે, જે બંને વચ્ચેના આર્થિક સંબંધોને વધુ મજબૂત બનાવશે. આ બેઠકોમાં મુખ્ય સચિવ એમ.કે. દાસ, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ ટી. નટરાજન, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્મા સહિત ગુજરાત પ્રતિનિધિમંડળના વરિષ્ઠ સચિવો ઉપસ્થિત રહ્યા હતા.

## HTAT પરીક્ષાના ફોર્મ ભરવાની મુદત 31 ઓગસ્ટ સુધી લંબાવાઈ

ગાંધીનગરઃ ગાંધીનગર સ્થિત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા HTAT પરીક્ષાના ઓનલાઈન આવેદનપત્ર ભરવાની તારીખ લંબાવવામામાં આવી છે. ઉમેદવારો હવે 31 ઓગસ્ટ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકશે, જ્યારે પરીક્ષા ફી ભરવાની અંતિમ તારીખ 1 સપ્ટેમ્બર નક્કી કરવામાં આવી છે. અગાઉ નક્કી કરવામાં આવેલી સમયમર્યાદા પૂર્ણ થવાની હતી ત્યારે અનેક ઉમેદવારો દસ્તાવેજો તૈયાર કરવામાં તેમજ ઓનલાઈન પ્રક્રિયા પૂર્ણ કરવામાં મુશ્કેલીના કારણે ફોર્મ ભરી શક્યા નહોતા. ઉમેદવારોના વ્યાપક હિત અને સુવિધાને ધ્યાનમાં રાખીને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય પરીક્ષા બોર્ડના નવા જાહેરનામા મુજબ, ઉમેદવારો હવે 31 ઓગસ્ટ સુધી નિર્ધારિત ઓનલાઈન પોર્ટલ પર જઈને HTAT પરીક્ષા માટે અરજી કરી શકશે.

# અમેરિકા અને કેનેડા વચ્ચેની ટ્રેડ વોરને કારણે બંને દેશોને ભારે આર્થિક નુકસાન જશે



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દુનિયાના ઘણા દેશો સામે યુદ્ધે ચડ્યા છે. ઈરાન સામે તેમણે આર્થિક યુદ્ધ છેડી દીધું છે અને હવે અમેરિકા અને કેનેડા વચ્ચે પણ વેપાર યુદ્ધ શરૂ થયું છે. આ યુદ્ધની અમેરિકન લોકો પર નોંધપાત્ર અસર પડી રહી છે, કારણ કે અમેરિકાએ કેનેડાથી આયાત થતાં આશરે ૨૦ અબજ ડોલરના માલ પર ૫૦ ટકા આયાત ડ્યુટી લાદી છે. આનાથી અમેરિકામાં ઘણી ચીજવસ્તુઓના ભાવોમાં વધારો થવાની ધારણા છે. આવી સ્થિતિમાં અમેરિકન ગ્રાહકોને કાગળનો માલ, દારૂ અને ડેરી ઉત્પાદનો માટે વધુ કિંમત ચૂકવવી પડી શકે છે. જો કેનેડા પણ અમેરિકાના માલ પર વળતો ટેરિફ લાદે તો બંને દેશો વચ્ચેનું વેપાર યુદ્ધ વધુ તીવ્ર બની શકે છે. આનાથી માત્ર કંપનીઓ જ નહીં પરંતુ સામાન્ય ગ્રાહકો પર પણ અસર પડી શકે છે. અમેરિકા આ મોટા ભાગનાં ઉત્પાદનો કેનેડાથી ખરીદે છે. ઉદાહરણ તરીકે, અમેરિકામાં વાઇન અને બીયર કેનેડાથી આવે છે. ગયા વર્ષે અમેરિકાએ કેનેડાથી ૧.૫ અબજ ડોલરનો દારૂ ખરીદ્યો હતો.

કેનેડા તેનો લગભગ ૭૦ ટકા માલ અમેરિકાને વેચે છે. મેઈન, મિશિગન અને વિસ્કોન્સિન સહિત ૨૬ અમેરિકન રાજ્યો કેનેડા માટે સૌથી મોટા ગ્રાહકો છે અને તે ૫૦ અમેરિકન રાજ્યોમાંથી ૪૫માં ટોચના ત્રણ ગ્રાહકોમાંનો એક છે. કેનેડા અનેક મહત્ત્વપૂર્ણ ચીજવસ્તુઓનો મુખ્ય સ્રોત પણ છે, જેમાં રાસાયણિક ખાતરોમાં વપરાતાં પોટાશનો સમાવેશ થાય છે, જેના માટે કેનેડા વિશ્વનો ટોચનો સપ્લાયર છે. કેનેડા અમેરિકાને કુદરતી ગેસ અને વીજળીની મોટા ભાગની આયાત અને લગભગ ૬૦ ટકા ક્રુડ ઓઇલ પૂરું પાડે છે. કેનેડામાં લિથિયમ, નિકલ અને ગ્રેફાઇટ જેવાં મહત્ત્વપૂર્ણ ખનિજોનો પણ નોંધપાત્ર ભંડાર છે. કેનેડાની ખનિજ નિકાસનો મોટો હિસ્સો અમેરિકા જાય છે અને આ એક એવો મુદ્દો છે જ્યાં કેનેડા અમેરિકા પર દબાણ લાવી શકે છે. કેનેડાએ પહેલાંથી જ સાબિત કરી દીધું છે કે તે ધારે તો અમેરિકામાં આર્થિક સંકટ પેદા કરી શકે છે. અમેરિકા સાથેની વેપાર વાટાઘાટો તૂટી પડે તે પહેલાં જ, મોટા ભાગના કેનેડિયન પ્રાંતોએ ગયા વર્ષની શરૂઆતમાં અમેરિકન ટેરિફના પ્રથમ તબક્કાના પ્રતિભાવમાં, અમેરિકાને વાઇનના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો હતો, જેને કારણે અમેરિકાના વાઇન ઉદ્યોગને ભારે નુકસાન પહોંચ્યું હતું.

**ટ્રેડ પોઇન્ટ**
■ સંજય વોરા ■

વોશિંગ્ટન અને ઓટાવા વચ્ચેની વાટાઘાટો તૂટી ગયા બાદ, કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નેએ કહ્યું કે તેઓ ખરાબ વેપાર કરારને કારણે વાટાઘાટોમાંથી ખસી રહ્યા છે. તેમણે અમેરિકા પર બદલો લેવાના ટેરિફ લાદવાની ધમકી આપી હતી. માર્ક કાર્નેએ દાવો કર્યો હતો કે અમેરિકા દ્વારા લાદવામાં આવેલી નવી શરતો આર્થિક રીતે ફાયદાકારક અને ન્યાયી નથી. અમેરિકાની સ્થિતિ અંગે કાર્નેએ કહ્યું કે આનાથી કેનેડાને થતાં એકંદર ફાયદાઓને નુકસાન થશે. તેમણે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર વેપાર યુદ્ધ શરૂ કરવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે જ્યારે તમારા પર હુમલો થાય છે, ત્યારે તમે યુદ્ધની સ્થિતિમાં છો. અમારા પર હુમલો કરવામાં આવ્યો છે.

કેનેડાથી આવતાં ઘણાં ડેરી ઉત્પાદનો, જેમ કે દૂધ, ચીઝ, માખણ અને છાશ પણ ટેરિફને પાત્ર છે. ગયા વર્ષે અમેરિકાએ કેનેડા પાસેથી આશરે ૭૮ કરોડ ડોલરના મૂલ્યનાં ડેરી ઉત્પાદનો ખરીદ્યાં હતાં. ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ કેનેડા પર અમેરિકન ડેરી ઉત્પાદનોના વેચાણ સામે ભેદભાવ કરવાનો આરોપ લગાવ્યો હતો. બંને દેશો વચ્ચે કાર, દારૂ અને ડેરી ઉત્પાદનો પર લાંબા સમયથી વેપાર વિવાદ ચાલી રહ્યો છે. અમેરિકન કંપનીઓ પાસે ફક્ત ત્રણ વિકલ્પો છે. તેઓ કેનેડાથી માલની આયાત બંધ કરી શકે છે, હાલનો સ્ટોક ખતમ થાય ત્યાં સુધી રાહ જોઈ શકે છે અથવા વધેલા ટેરિફનો ખર્ચ પોતે સહન કરી શકે છે. કંપનીઓ અન્ય દેશોમાંથી માલ મેળવવાનું પણ પસંદ કરી શકે છે, પરંતુ આનાથી ખર્ચ વધી શકે છે. અમેરિકા અને કેનેડા વચ્ચે વેપાર તણાવ વધુ વધ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે જાહેરાત કરી હતી કે કેનેડાથી આયાત થતી કાર, ટ્રક, ઓટોમોબાઈલ ભાગો અને સ્ટીલ પર જાન્યુઆરી ૨૦૨૭ થી ટેરિફ વધારીને ૫૦ ટકા કરવામાં આવશે.

ગયા અઠવાડિયે અમેરિકા અને કેનેડા વચ્ચે એક વર્ષથી વધુ સમયની વેપાર વાટાઘાટો પડી ભાંગ્યા બાદ આ જાહેરાત કરવામાં આવી છે. ડોનાલ્ડ ટ્રમ્પે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશ્યલ પર કેનેડા પર અમેરિકન ખેડૂતો અને કૃષિ ઉત્પાદનો પર ઊંચા ટેરીફ લાદવાનો આરોપ લગાવ્યો હતો. અમેરિકામાં ઉત્પાદન કરતી કંપનીઓ પર શૂન્ય ટેરિફ લાગુ પડશે. ટ્રમ્પે કેનેડા પર અમેરિકા સાથેના વેપારમાં ભારે અસંતુલન સર્જવાનો આરોપ લગાવતાં કહ્યું કે કેનેડા અમેરિકા સાથે લગભગ ૯૫ ટકા વેપાર કરે છે, જ્યારે અમેરિકા કેનેડા પર સમાન સ્તરની નિર્ભરતા ધરાવતું નથી. કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નેએ અમેરિકાના પ્રસ્તાવને અન્યાયી અને આર્થિક રીતે નુકસાનકારક ગણાવીને તેમના વાટાઘાટકારોને પાછા ખેંચી લીધા છે.

કાર્નેએ જણાવ્યું હતું કે કેનેડા નવા ટેરિફનો ડોલર-બાય-ડોલર જવાબ આપશે. કેનેડાના વળતાં પગલાં ૮ સપ્ટેમ્બરથી અમલમાં આવવાની અપેક્ષા છે. કેનેડાનાં પગલાં અમેરિકાના સ્ટીલ, ડેરી ઉત્પાદનો, ઘરગથ્થુ ઉપકરણો, કૃષિ સાધનો, પલ્પ અને કાગળ અને ઈલેક્ટ્રોનિક્સ સહિત વ્યવસાયોને નુકસાન કરી શકે છે.

કેનેડાના ઓટો મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગના ઘર ઓન્ટારિયોના પ્રીમિયર ડગ ફોર્ડે જણાવ્યું હતું કે ઊર્જા સરચાર્જ દરખાસ્ત વિચારણા હેઠળ છે. તેમણે અમેરિકામાં થતી તમામ વીજળીની નિકાસ પર ૨૫ ટકા સરચાર્જ લાદવાનો પ્રસ્તાવ મૂક્યો, જેનો તેમની સરકારે અંદાજ લગાવ્યો હતો કે તેનાથી મિશિગન, મિનેસોટા અને ન્યુ યોર્કમાં ૧૫ લાખ ઘરો અને વ્યવસાયોને અસર થશે. ફોર્ડે સોમવારે કહ્યું કે હું અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને તેલ વગરની કાર ચલાવતાં જોવા માંગું છું. હું તેમને પોટેશિયમ વગર શાકભાજી અને ફળો ઉગાડતાં જોવા માંગું છું. કેનેડા અમેરિકાને કુદરતી ગેસ અને વીજળીની મોટા ભાગની અને ક્રુડ ઓઇલની ૬૦ ટકા આયાત પૂરી પાડે છે. કેનેડાનાં નાગરિકો દ્વારા અમેરિકાની મુસાફરી પણ ઘટાડી નાખવામાં આવી છે. ડોનાલ્ડ ટ્રમ્પ બીજી વખત સત્તામાં પાછા ફર્યા તે પહેલાં કેનેડિયનોએ ૨૦૨૪ના સમાન સમયગાળાની તુલનામાં તે મહિનામાં અમેરિકાની ૮૦૦,૦૦૦ ઓછી ટ્રિપ્સ કરી હતી. કેનેડિયનો દ્વારા મુસાફરીના બહિષ્કારને કારણે ગયા વર્ષે અમેરિકાને આશરે ૨.૩૫ અબજ ડોલરનું નુકસાન થયું હતું. કેટલાંક અમેરિકન શહેરો અને રાજ્યોએ ખાસ જાહેરાતો અને ખાસ ડીલ્સ દ્વારા કેનેડિયનોને પાછા ફરવાની અપીલ કરી છે.

નાણાંકીય વિશ્લેષકોનો અંદાજ છે કે તાજેતરમાં આશરે ૨૦ અબજ ડોલરના મૂલ્યની કેનેડિયન આયાત પર લાદવામાં આવેલો ૫૦ ટકા ટેરિફ ટૂંકા ગાળામાં કેનેડાના GDP માં ૦.૩ થી ૦.૬ ટકાનો ઘટાડો કરી શકે છે. તેમ છતાં કેનેડાના મોટા ભાગનાં લોકો ટ્રમ્પ વહીવટીતંત્ર સામે કડક વલણ અપનાવવાના કેનેડાની સરકારના નિર્ણયને વ્યાપકપણે સમર્થન આપે છે અને અન્ય કેનેડિયન રાજકારણીઓએ પણ આ બાબતમાં એકતા વ્યક્ત કરી છે. એંગસ રીડ દ્વારા હાથ ધરવામાં આવેલા એક મતદાનમાં જાણવા મળ્યું છે કે લગભગ ૭૬ ટકા કેનેડિયનો કેનેડાના વેપાર વાટાઘાટોમાંથી ખસી જવાના નિર્ણયને સમર્થન આપે છે, ભલે તેઓ તેમની નોકરીની સુરક્ષા અંગે ચિંતિત હોય. અમેરિકામાં મધ્યસત્ર ચૂંટણીઓ નજીક આવી રહી છે, જેમાં મતદારો માટે અર્થતંત્ર સૌથી મહત્ત્વપૂર્ણ મુદ્દો છે અને કોંગ્રેસ પર રિપબ્લિકન પાર્ટીની પકડ નબળી પડી રહી હોય તેવું લાગે છે. મધ્યસત્ર ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીની બે સૌથી મોટી સેનેટ રેસ મિશિગન અને મેઈનમાં છે, જે બંને કેનેડાની સરહદે છે અને તેમની મોટા ભાગની નિકાસ કેનેડામાં મોકલે છે. યેલ બજેટ લેબનો અંદાજ છે કે વર્તમાન કાયદા હેઠળ ડોનાલ્ડ ટ્રમ્પના વૈશ્વિક ટેરિફથી અમેરિકન પરિવારોને વાર્ષિક આશરે ૧,૧૦૦ ડોલરનો ખર્ચ થશે. માલસામાનની કિંમતમાં વધુ વધારો અને વ્યવસાયો પર વેપાર વિવાદની વ્યાપક અસર અમેરિકન જનતામાં અર્થતંત્ર પ્રત્યેના અસંતોષને વધારી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ૧ જાન્યુઆરી પછી કેનેડાથી આવતી કાર અને ઓટો પાર્ટ્સ પર ટેરિફ ૫૦ ટકા વધારવાની તાજેતરની ધમકી અમેરિકન કામદારોને પણ ભારે નુકસાન પહોંચાડશે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**વોશિંગ્ટન અને ઓટાવા વચ્ચેની વાટાઘાટો તૂટી ગયા બાદ કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નેએ કહ્યું કે તેઓ ખરાબ વેપાર કરારને કારણે વાટાઘાટોમાંથી ખસી રહ્યા છે**

# સરકારી કચેરીઓમાં પ્લાસ્ટિકની ફાઈલ-ફોલ્ડરનો વપરાશ બંધ થશે

**સચિવાલયથી** સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને સરકારી યુનિવર્સિટીઓ સુધી નિર્ણય લાગુ

**પ્લાસ્ટિકના** બદલે કાગળ, શણ અને કાપડના પર્યાવરણમિત્ર ફાઈલ કવરનો ઉપયોગ કરાશે

ગાંધીનગરઃ પર્યાવરણ સંરક્ષણ તરફ મહત્ત્વ નિર્ણય લેતાં રાજ્ય સરકારે હવે તમામ સરકારી કચેરીઓમાં પ્લાસ્ટિકના ફોલ્ડર અને ફાઈલોનો ઉપયોગ તબક્કાવાર બંધ કરવાનો નિર્ણય લીધો છે. સામાન્ય વહીવટ વિભાગે આ અંગે પરિપત્ર બહાર પાડીને સચિવાલયના વિભાગોથી લઈને ખાતાના વડાની કચેરીઓ, જાહેર સાહસો, નિગમો, મંડળો, સ્વાયત્ત સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તથા સરકારી યુનિવર્સિટીઓ અને અનુદાન મેળવતી સંસ્થાઓને પણ આ નિર્ણયના દાયરામાં આવરી લીધી છે.

સરકારી કચેરીઓમાં દૈનિક વહીવટી કામગીરી દરમિયાન વપરાતી પ્લાસ્ટિક આધારિત સ્ટેશનરીના સ્થાને હવે કાગળ, શણ અથવા કાપડમાંથી બનેલા પર્યાવરણમિત્ર અને ટકાઉ ફાઈલ કવરનો ઉપયોગ કરવામાં આવશે. કચેરીઓમાં હાલ ઉપલબ્ધ પ્લાસ્ટિક ફોલ્ડર અને ફાઈલોનો જથ્થો પૂરો થયા બાદ નવી ખરીદી કરતી વખતે પર્યાવરણમિત્ર વિકલ્પોનો જ ઉપયોગ કરવાનો રહેશે. કેન્દ્ર સરકારના પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ-૧૯૮૬ અને પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬ હેઠળ પર્યાવરણને નુકસાન પહોંચાડતા એક વખત ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવાના પ્રયાસોના ભાગરૂપે રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે. આ નિર્ણયથી સરકારી વહીવટમાં પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવાની સાથે પર્યાવરણને અનુકૂળ કાર્યપ્રણાલીને પ્રોત્સાહન મળશે. રાજ્ય સરકારની આ પહેલથી સરકારી તંત્રમાં પ્લાસ્ટિકમુક્ત કાર્યસંસ્કૃતિને વેગ મળવાની સાથે કાગળ, શણ અને કાપડ જેવી પર્યાવરણમિત્ર સામગ્રીના ઉપયોગને પણ પ્રોત્સાહન મળશે.

# દેશની રક્ષા કરતાં જવાનો માટે આંગણવાડી બહેનોએ મોકલી ૪.૫૦ લાખથી વધુ રાખડીઓ

**‘એક** રાખી દેશ કે જવાનો કે નામ’ અભિયાન હેઠળ રક્ષાસૂત્ર કળશ સરહદી દળોના અધિકારીઓને સુપરત

ગાંધીનગરઃ રક્ષાબંધનના પવિત્ર પર્વે દેશની સરહદો પર પરિવારથી દૂર રહીને માતૃભૂમિની રક્ષા કરતા જવાનો પ્રત્યે સ્નેહ, આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરવા ગુજરાતની આંગણવાડી બહેનોએ ૪.૫૦ લાખથી વધુ રાખડીઓ તૈયાર કરી છે. ‘એક રાખી દેશ કે જવાનો કે નામ’ અભિયાન અંતર્ગત તૈયાર કરવામાં આવેલી આ રાખડીઓ રક્ષાસૂત્ર કળશ સ્વરૂપે સરહદી દળોના અધિકારીઓને સુપરત કરવામાં આવી હતી.

ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહેલા આ અભિયાન હેઠળ આંગણવાડી કાર્યકર બહેનોએ દેશના જવાનો માટે ખાસ રાખડીઓ તૈયાર કરી છે. સરહદ પર ફરજ બજાવતા જવાનો રક્ષાબંધનના દિવસે પોતાના પરિવારથી દૂર હોય છે ત્યારે ગુજરાતની બહેનો પણ તેમની સાથે જોડાયેલી છે અને દેશની રક્ષા કરનારા જવાનોના સુખાકારી તથા સલામતી માટે પ્રાર્થના કરે છે તેવો ભાવ આ અભિયાન પાછળ રહેલો છે.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને મહિલા તથા બાળ કલ્યાણ મંત્રી ડૉ. મનીષાબેન વકીલની ઉપસ્થિતિમાં રક્ષાસૂત્ર કળશ આર્મી, બીએસએફ, સીઆરપીએફ અને અન્ય સરહદી દળોના અધિકારીઓને પ્રતિકરૂપે અર્પણ કરવામાં આવ્યો હતો. આ રાખડીઓ દેશની સરહદો પર ફરજ બજાવતા જવાનો સુધી પહોંચાડવામાં આવશે. આ રીતે ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પર્વને રાષ્ટ્રભક્તિ સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ રાકેશ શંકર, કમિશનર ડૉ. રણજીતકુમાર સિંહ, વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, બીએસએફ, સીઆરપીએફ અને અન્ય સુરક્ષા દળોના જવાનો તેમજ આંગણવાડી કાર્યકર બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

---

# BUSINESS મિત્ર

**CAS બાદ પ્રથમ એક્સપાયરીએ શેરબજાર પલટાયું, સેન્સેક્સ નીચેથી 530 પોઇન્ટ રીકવર**

# રેડ ઝોનમાંથી ઉગરીને સેન્સેક્સ-નિફ્ટી ગ્રીન ઝોનમાં બંધ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 25:** મીડલ ઈસ્ટ તણાવમાં વધી રહેલા ઘર્ષણ સામે અમેરિકાએ ઈરાન પર આર્થિક પ્રતિબંધો લાદવાના અહેવાલની પાછળ આજે ભારતીય શેરબજાર દિવસભર દબાણ હેઠળ રહ્યું હતુ, પરંતુ આજે નિફ્ટી ઓગસ્ટ એક્સપાયરીના પગલે ક્લોઝીંગ ઓકશન સેશન-સીએએસના લીધે શેરબજાર પલટાઇ ગયું હતું. જેમાં સેન્સેક્સ નીચેથી 530 પોઈન્ટ રીકવર થઇ ગયો હતો, જ્યારે નિફ્ટીએ 24300 પોઈન્ટની સપાટી કુદાવીને બંધ રહી હતી. જોકે, બેન્ક નિફ્ટી સપાટ પણ નેગેટિવ બંધ રહી હતી.

ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ ચાલુ રહ્યો છે, જેમાં અમેરિકા વધુ આગળ વધીને ઈરાન પર પ્રતિબંધો લાદવાની જાહેરાત કરી દીધી છે, તેથી આ તણાવ વધુ ગંભીર બનશે. જોકે, ક્રુડ ઓઈલના ભાવ વધવાના બદલે ઘટ્યા હતા, જે 90 ડોલરની નીચે ઉતરી ગયા હતા. એટલે આની અસર પડી નહતી. ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ ઈરાનની ઓઈલ, ડિજિટલ સંપત્તિ, ટેકનોલોજી, સોનુ, ઉડ્ડયન અને શીપીંગ ક્ષેત્રો પર પ્રતિબંધની જાહેરાત કરી છે. એટલું જ નહીં, ઈરાનને સપોર્ટ આપનારા દેશો સામે પણ કાર્યવાહી કરાશે. બીજી તરફ, ઈરાને ડોલર સીસ્ટમમાંથી ખસી જવાની ચેતવણી આપી છે. આમ છતાં, બંને દેશો તરફથી ધમકીઓ વચ્ચે બજારમાં કોઇ મોટા પ્રત્યાઘાત પડયા નથી.

બીએસઇ સેન્સેક્સ 286.98 પોઈન્ટ એટલે કે 0.37 ટકા વધીને 77656.09 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77666 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નાચમાં 77125 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 115.50 પોઈન્ટ એટલે કે 24300 પોઈન્ટની સપાટી કુદાવીને 24334.55 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24334 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24115 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 11.75 પોઈન્ટ એટલે કે 0.02 ટકા ઘટીને 57514.20 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે ગ્લેક્સો સ્મીથ ફાર્મામાં 12.83 ગણા, કોરોમાંડલ ઈન્ટરનેશનલમાં 12.11 ગણા, રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટીલાઈઝર્સમાં 10.77 ગણા, આઈઆઈએફએલ ફાઇ.માં7.04 ગણા અને પેરાદીપ ફોસ્ફેટસમાં 6.25 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ ત્રાવણકોરમાં 208.35 ગણા, પેરાદીપ ફોસ્ફેટસમાં 18.9 ગણા, ચાલેટ હોટલ્સમાં 9.31 ગણા, ઝડએફ કોર્મશીયલ વ્હીકલ્સમાં 8.67 ગણા અને ચંબલ ફર્ટીલાઈઝર્સમાં 6.54 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં નીચલા સ્તરેથી ખરીદીએ સુધારો રહ્યો હતો. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.37 ટકા અને બીએસઇ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.17 ટકા વધ્યો હતો. જોકે, બ્રોડર માર્કેટ નેગેટિવ રહ્યું હતું. બીએસઇ ખાતે 2105 શેરો વધ્યા હતા, જ્યારે 2218 શેરો ઘટ્યા હતા, અને 202 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે ઈરાન અને અમેરિકાની સામસામી ધમકીઓની વૈશ્વિક બજારોમાં બેઅસર રહી હતી. જેના પરિણામે યુરોપિયન બજારો પોઝિટિવ ચાલ દર્શાવી રહ્યા છે. જ્યારે એશિયન બજારો ઉંચા બંધ રહ્યા હતા. એનવીડિયાની કમાણી, યુએસ ફુગાવાના ડેટા અને ફેડરલ રિઝર્વના ચેરમેન કેવિન વોર્શાના ભાષણ ઉપર ફોકસ રહેશે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.14 ટકા, કેક 0.35 ટકા અને ડેક્સ 0.82 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.44 ટકા, સ્ટ્રેઈટસ 0.96 ટકા, તાઈવાન 0.90 ટકા, કોસ્પી 0.68 ટકા, શાંઘાઇ 0.19 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 0.02 ટકા ઘટ્યા હતા.

## રૂપિયામાં ઝડપી રીકવરી, 34 પૈસા મજબૂત થયો

ઇરાન-અમેરિકાની સામસામી ધમકીઓ વચ્ચે ક્રુડ ઓઇલના ભાવમાં ત્રણ ટકાનો ઘટાડો થતાં રૂપિયામાં ઝડપી રીકવરી જોવા મળી હતી. આજે ડોલરની સામે રૂપિયો 34 પૈસા મજબૂત થઇને 95.50ની નીચે સરકીને 95.41ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.75ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 110.94, પાઉન્ડ 130.69, કેનેડિયન ડોલર 68.64, ઓસ્ટ્રેલિયન ડોલર 68.69, જાપાનીઝ યેન 0.5991, સીંગાપોર ડોલર 75.12ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.41 રૂ. |
| યુરો | 110.94 રૂ. |
| પાઉન્ડ | 130.69 રૂ. |
| યેન | 0.6991 રૂ. |

| | | |
|---|---|---|
| **સેન્સેક્સ** | 286.98 | 77656.09 |
| **નિફ્ટી** | 115.50 | 24334.55 |
| **બેન્ક નિફ્ટી** | -11.75 | 57514.20 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી એન્ટર | 3.72 | 3110.00 |
| મેક્સ હેલ્થકેર | 2.57 | 1016.00 |
| અપોલો હોસ્પિટલ | 2.15 | 8889.00 |
| ઇન્ટરગ્લોબ | 2.01 | 5218.00 |
| અદાણી પોર્ટસ | 1.83 | 1702.70 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચડીએફસી લાઇફ | 1.13 | 546.70 |
| સીપલા | 1.11 | 1422.00 |
| ઓએનજીસી | 1.08 | 234.00 |
| કોલ ઇન્ડિયા | 0.71 | 404.00 |
| હિન્દાલ્કો | 0.70 | 1051.05 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ | 2.05 | 5220.00 |
| અદાણી પોર્ટસ | 1.19 | 1695.00 |
| ઇન્ફોસીસ | 1.15 | 1143.00 |
| ટ્રેન્ટ | 1.10 | 2929.00 |
| ટાઇટન કંપની | 0.98 | 5115.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 0.85 | 325.20 |
| એચસીએલ ટેકનો | 0.68 | 1312.00 |
| પાવરગ્રીડ | 0.53 | 270.00 |
| બજાજ ફિનસર્વ | 0.29 | 1996.00 |
| એચડીએફસી બેન્ક | 0.26 | 726.60 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૪૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૦.૫ | ૫૦/૩૬ ’’ | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૬૭ |
| ૩૦/૩૬ એફડી | ૨૮૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૫૯ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૨ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૫૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૩ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૦૫.૨૫ |
| ૬૮/૩૬ | ૧૫૬.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૦.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૫૪.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૫૨ | ૬૮ ક્રિમ્પ | ૧૫૯ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૫૬ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૫૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૦.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૫૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૬૭ | ૮૦ ક્રિમ્પ | ૧૫૪ |
| ૮૦/૭૨ રોટો. | ૧૫૯.૭૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૬૭ | ૮૦/૭૨ રોટો | ૧૬૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૫૮.૭૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૪.૨૫ | ૮૦/૧૦૮ ’’ | ૧૬૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૫૯ |

# એનએસઈના શેરને પોતાના એક્સચેન્જમાં ટ્રેડિંગ માટેની મંજુરી મળી શકે

**એનએસઇને** વેપાર કરવાની મંજુરી કેટેગરીમાં સુચિબદ્ધ કરાશે, તો બીએસઇની આવકને મોટો ફટકો પડી શકે

મુંબઇ, તા. 25: બીએસઈનો શેર છેલ્લા એક મહિનાથી સતત ઘટતો જોવા મળી રહ્યો છે. જે લગભગ 7 ટકા જેટલો ઘટી ગયો છે, આ ઘટાડા પાછળના કારણમાં અનેક કારણોએ અનિશ્ચિતતા પેદા કરી રહ્યા છે. જેમાં નિયમનકારી પડકારો ઉપરાંત નવી કલોઝીંગ ઓકશન સીસ્ટમ-સીએએસના લીધે ટ્રેડિંગ પ્રવૃત્તિને અસર કરી રહી છે. આ બંને સમસ્યાઓથી ઝઝુમી રહેલા બીએસઇ માટે નવો પડકાર આવી રહ્યો છે, જેમાં એનએસઇ તેના શેરને એનએસઇ પર લિસ્ટ કરી શકે છે.

જો એનએસઈના શેરનું ટ્રેડિંગ એનએસઇ પ્લેટફોર્મ ઉપર થશે તો બીએસઈની આવકને સીધો ફટકો પડશે. જેની અસર આવક પર પડશે, જે આવનારા દિવસોમાં બીએસઈના શેરની કિંમતમાં જોવા મળી શકે છે.

અહેવાલો અનુસાર એનએસઈ બીએસઈમાં લિસ્ટેડ થયા બાદ તેના શેરનો એનએસઈના પોતાના શેરબજારમાં પણ વેપાર થઇ શકે છે. એનએસઈને વેપાર કરવાની મંજુરી કેટેગરી હેઠળ સુચિબદ્ધ કરી શકાય છે.

પીએલ કેપિટલનું કહેવું છે કે, જો એનએસઇ તેના પોતાના એક્સચેન્જમાં તેના શેરની સુચિ બનાવે છે, તો બીએસઇ નાણાકીય વર્ષ 2027નો નફો લગભગ એકથી બે ટકા ઘટી શકે છે. આ અંદાજ એવી ધારણા પર આધારિત છે કે રોકડ બજારમાં બીએસઈનો હિસ્સો વધુ વધશેનહીં.

કલોઝિંગ ઓકશન સીસ્ટમની રજૂઆત પછી ટ્રેડિંગ વોલ્યુમમાં ઘટાડો થયો છે.

કારણ કે વેપારીઓ હજુય પણ નવી સીસ્ટમ શીખી રહ્યા છે અને તે મુજબ ચાલી રહ્યા છે કેશ બજારમાં ટ્રેડિંગમાં બીએસઈનો મજબૂત હિસ્સો નથી, પણ ડેરિવેટિવ્ઝમાં મોટો હિસ્સો ધરાવે છે. જેથી કેશ માર્કેટ બીએસઇ માટે નબળું પાસું રહ્યું છે.

# ગુગલ પ્લે સ્ટોર પરથી ત્રણ નકલી લોન એપ્સ હટાવી દેવાઈ

**ડેટા ચોરી** અને ભારે વ્યાજ વસુલવાની ફરિયાદો પર કાર્યવાહી હાથ ધરવામાં આવી

નવી દિલ્હી, તા. 25: કેન્દ્રીય ગૃહ મંત્રાલયની ફરિયાદના આધારે ગુગલ પ્લે સ્ટર પરથી વધુ ત્રણ નકલી લોન એપ્સ હટાવી દીધી છે. આ મહિને અત્યાર સુધીમાં આવી 9 ફ્રોડ એપ્સ બંધ કરવામાં આવી ચે. આ એપ્સ માત્ર તમારી પર્સનલ માહિતીની ચોરી જ નથી કરતી, પરંતુ લોન આપ્યા પછી તમને ખુબ વ્યાજ અને પરેશાન પણ કરે છે.

ગૃહ મંત્રાલયની સાયબર સિક્યોરિટી ટીમે 19 ઓગસ્ટે ગુગલને નોટિસ મકલી ત્રણ નકલી લોન એપ્લિકેશનને તાત્કાલિક દુર કરવા જણાવ્યું હતું. આ ત્રણ એપ્સના નામ હોરિઝોન કેશ સર્વિસ, મની સ્કોર મોનિટર અને જેલી ક્રેડિટ છે. જેમાં એવો આક્ષેપ કરાયો છે કે, આ એપનો ઉપયોગ ઓછા વ્યાજ પર 5 મિનિટમાં લોન આપવાની લાલચ આપીને લોકોને ફસાવતી હતી અને બાદમાં તેમની પાસેથી ભારે વ્યાજ અને દંડ વસુલવામાં આવે છે.

એટલું જ નહીં, યુઝે ફોનમાં આ એપ્સ ડાઉનલોડ કરી કે તરત જ આ એપ્સ ગુપ્ત રીતે ફોનની તમામ માહિતી ચોરી કરી લે છે.

# વોડાફોન આઈડિયામાં રોકેટ જેવી તેજી

**ટોપ** ગેઇનર્સ બન્યો

**□૧૫ની** સપાટી વટાવી, હવે □૨૦નો ટાર્ગેટ

મુંબઇ, તા. 25: વોડાફોન આઈડિયા આજના સેશનમાં ધમાકેદાર ઉછળ્યો હતો. જે આજે ટોપ ગેઇનર્સ બન્યો હતો. આજે ફરી એકવાર રૂ. 15ની સપાટી કુદાવી દીધી છે. આજે નિફ્ટી એકસપાયરીએ વોડાફોન આઈડિયામાં જબરજસ્ત ઉછાળો જોવા મળ્યો હતો. જે છેલ્લા એક મહિનામાં 13 ટકા જેટલો ઉછળી ચુક્યો છે.

કંપનીના શેરની કિંમત રૂ. 11ને પાર કરી બાદ આ શેર એ પાછું વળીને જોયું નથી. અત્યારે કંપનીના શેરનો ભાવ રૂ. 15ની આસપાસ બોલાઇ રહ્યો છે, જે ટુંકસમયમાં રૂ. 20ને પાર કરી દેશે. જેની પાછળનું કારણ મીડિયા રિપોર્ટસ મુજબ એ છે કે, કંપનીને ટુંકસમયમાં એસબીઆઇ તરફથી ભંડોળ મળશે. જે કંપનીને બે બાબતો માટે ખુબજ જરૂરી હતી. આ ફંડથી કંપનીને વિસ્તરણ પરના ખર્ચની ચિંતામાંથી મુક્તિ મળશે. અને આ ભંડોળથી કંપનીની બેલેન્સશીટમાં પણ સુધારો થશે, તેની સાથે કેપેક્સની સ્થિતિ પણ સુધરશે.

**તેલ બજાર સુરત**
૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર**
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૭૧૦૦ |
| એમ-30 | ૭૦૦૦ |
| એસ-30 | ૬૯૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૬૯૦૦ |
| એસ-30 | ૬૮૦૦ |

**સોના-ચાંદી સુરત**
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૫૯૮૦ |
| તેજાબી સોનું | ૧૬૫૮૯૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૭૬૮૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૬૨૬૬૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૫૯૮૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૮૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૯૮૦૦ |